ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ | નડીયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | લુણાવાડા | બાલાસિનોર | સોમવાર ૨૨ ડિસેમ્બર, ૨૦૨૫

સરકારે વર્ષ 2017માં રેલ્વે બજેટમાં માતબર રકમ ફાળવવામાં આવી હોવા છતાં ઘણા વર્ષોથી નડીયાદ - ભાદરણ બ્રોડ ગેજ લાઈનનુ કામ મંથર ગતિએ થઈ રહ્યું છે

નડિયાદ-ભાદરણ રેલ્વેની બ્રોડગેજ લાઈન બાર ગાઉં છેટી

રેલવે માર્ગ અંગે તકેદારી રાખવામાં ન આવતા લાઈન પર આવતા તમામ સ્ટેશનો બિસ્માર હાલતમાં ફેરવાઇ ગયાં

(પ્રતિનિધિ) આણંદ તા 21

બ્રુહદ ખેડા જિલ્લાના 15 કરતાં વધુ ગામો અને બે શહેરો માટે સંપર્ક સેતુ સમાન નડિયાદ-ભાદરણ વચ્ચે 58 કિ.મી.ની નેરોગેજ લાઈન ગાયકવાડના શાસનમાં નંખાઈ હતી. વર્ષો સુધી મીની ટ્રેન નડીયાદ ભાદરણ ટ્રેક પર દોડતી હતી. નેરોગેજ લાઈનને બ્રોડ ગેજ લાઈનમાં તબદીલ કરવા માટે ટ્રેન વ્યવહાર બંધ કરી દેવામાં આવ્યો હતો. જેથી છેલ્લાં 32 વર્ષથી કેન્દ્ર સરકાર અને રેલ્વે તંત્ર દ્વારા ભાદરણ નડીયાદ રેલવે માર્ગ અંગે તકેદારી રાખવામાં ન આવતા રેલવે લાઈન તથા તેની પર આવતા તમામ સ્ટેશનો બિસ્માર હાલતમાં ફેરવાઇ ગયા છે. આ ટ્રેનને છેલ્લા ઘણાં વર્ષોથી બંધ પણ કરી દેવાઈ છે. જેથી 15 ગામ અને બે શહેરોના લોકો માટે અંત્યંત અગત્યની રેલ્વે મુસાફરી સુવિધા છીનવાઈ ગઈ છે. છેલ્લા ઘણા વર્ષોથી દર વખતે બજેટમાં કેન્દ્ર સરકાર ચરોતરની જનતાને અન્યાય કરતી હતી, પરંતુ વર્ષ 2017ના રેલ્વે બજેટમાં સરકારે ચરોતર વિસ્તારની રેલ્વે ટ્રેક માટે જંગી નાણાં ફાળવ્યા હતા. જેમાં નડિયાદ, પેટલાદ, ભાદરણની નેરોગેજ લાઈનને બ્રોડગેજમાં રૂપાંતરીત કરવા માટે અંદાજે 537 કરોડ જેટલી માતબર રકમ ફાળવી છે. જેને લઈને આવનાર વર્ષોમાં આણંદ ખેડા જિલ્લાના 15 ગામમાં અને નડીયાદ અને પેટલાદ શહેરમાં વસવાટ કરતા લોકોને ટ્રેનનો લાભ મળનાર હોવાના સંજોગો સર્જાતા આનંદની અનુભૂતિ પ્રસરી હતી. પરંતુ રેલ્વે બજેટમાં આ રકમ ફાળવવામાં આવી હોવા છતાં ઘણા વર્ષોથી નડીયાદ ભાદરણ બ્રોડ ગેજ લાઈનનુ કામ મંથર ગતિએ થઈ રહ્યું છે. મંથરગતિએ થતા કામથી રેલ સેવાથી હજું પણ આ વિસ્તારની પ્રજા વંચિત રહી છે.

ટ્રેન માત્ર 18 કિમીની ઝડપે દોડતી હતી

નડિયાદ-ભાદરણ નેરોગેજ લાઈનમાં પીજ, વસો, નાર, સોજીત્રા ડભોઉ સુદરણા વગેરે રેલ્વે સ્ટેશનો ભંગાર હાલતમાં ફેરવાઈ ગયા હતા. રેલ્વે ટ્રેક ખખડધજ હાલતમાં હોવાથી ટ્રેન માત્ર 18 કિ.મી.ની ઝડપે દોડતી હતી. તેના કારણે નડિયાદથી ભાદરણ આવવા માટે અઢીથી ત્રણ કલાક લાગતા હતા. સાથે ટિકિટ બારી સહિત અન્ય કોઇ સુવિધા પણ ન હોવાથી મુસાફરો પરેશાન થઈ રહ્યા હતા. છેલ્લા ઘણાં વર્ષોથી આ વિસ્તારના રહીશો દ્વારા રેલ્વે લાઈનના વિકાસ માટે ધારાસભ્ય, સાંસદ, પશ્ચિમ રેલ્વેના અધિકારી તથા કેન્દ્રમાં રજૂઆત કરવા છતાં કોઈ પરિણામ આવ્યું ન હતું.

વર્ષ 2017ના બજેટમાં જોગવાઈ કરાઈ

નડિયાદથી પેટલાદ નેરોગેજ લાઈનને બ્રોડ-ગેજમાં ફેરવવા માટે રૂપિયા 335.34 કરોડ તથા પેટલાદથી ભાદરણ સુધી લાઈન માટે રૂપિયા 202.5 કરોડની ગ્રાન્ટ ફાળવી હતી. રેલ્વે બજેટમાં આ અંગે જોગવાઈ કરવામાં આવી હોવાથી બ્રોડગેજનું કામ તાત્કાલિક ધોરણે હાથ ધરાશે તેવી જાહેરાત કરવામાં આવી હતી. પરંતુ ગ્રાન્ટ ફાળવ્યા બાદ હજુ સુધી આ કામો સંતોષકારક રીતે પૂર્ણ નહિ થતાં રેલવે સુવિધા માટે રાહ જોતા હજારો મુસાફરો નારાજગી વ્યક્ત કરી રહ્યા હોવાનું જાણવા મળે છે. બજેટમાં રૂપીયા 537 કરોડની ફાળવણી કરવામાં આવી હોવા છતાં હજુ પણ નડીયાદ-ભાદરણ રેલવે લાઈન આસપાસના વિસ્તારમાં વસવાટ કરતા લોકો વિકાસથી વંચિત રહી ગયા હોવાનો રોષ ઠાલવી રહ્યા છે.

અમદાવાદ અને વડોદરા સુધીનું જોડાણ મળશે

ગાયકવાડ શાસનમાં નેરોગેજ લાઈન પર વર્ષોથી બાબાગાડી દોડતી હતી. પરંતુ તંત્રની બેદરકારીને ઉદાસીન વહીવટને કારણે રેલવે સુવિધા બંધ કરી દેવામાં આવી હતી. જો કે સરકારે બજેટમાં બ્રોડગેજ માટે મોટી રકમ ફાળવતાં ભવિષ્યમાં બ્રોડગેજ મળતાં ભાદરણથી પેટલાદ અને પેટલાદથી નડિયાદ તેમજ નડિયાદથી સીધું અમદાવાદ જવાય તેવી સુવિધા મુસાફરોને મળશે. ભાદરણથી નડિયાદ સુધીના તમામ રેલ્વે સ્ટેશનો પર અપ-ડાઉન કરતાં મુસાફરોને અમદાવાદ અને વડોદરા સુધીનું રેલ્વે તેમજ એસ.ટી.બસ કનેક્શન મળી રહેશે.

આણંદ જિલ્લા પોલીસે થર્ટીફર્સ્ટ નજીક આવતા શોખીનોને ચેતવવા કામગીરી શરૂ કરી

આંકલાવના 150 જેટલા ફાર્મ હાઉસની ગતિવિધિઓની તપાસ માટે ધમધમાટ

રાત્રિના સમયે સઘન વાહન ચેકિંગ, બેથ એનાલાઈઝર દ્વારા તપાસ અને સતત પેટ્રોલીંગ કરાશે

(પ્રતિનિધિ) આંકલાવ તા 21

આંકલાવ તાલુકામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે સ્થાનિક પોલીસ દ્વારા 31 ડિસેમ્બરની પૂર્વસંધ્યાએ થર્ટી ફર્સ્ટ ઉજવણી સંદર્ભે એક્શન પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. આંકલાવ તાલુકાના આસરમા, ઉમેટા, ગંભીરા, ભેટાસી, હઠીપુરા અને ખડોલ જેવા ગામોમાં આવેલા 150થી વધુ ફાર્મ હાઉસ અને પાર્ટી પ્લોટ પર ચાલતી ગતિવિધિઓ પર પોલીસે અત્યારથી જ તપાસનો ધમધમાટ તેજ કર્યો છે.

આંકલાવ પોલીસ દ્વારા આ તમામ ફાર્મ હાઉસના મુખ્ય દરવાજા પર ચેતવણી આપતાં સૂચના બોર્ડ લગાવી દેવામાં આવ્યાં છે. જેમાં સ્પષ્ટ જણાવાયું છે કે, જો પરિસરમાં કોઈપણ પ્રકારની નશાયુક્ત મહેફિલ કે ગેરકાયદેસર પ્રવૃત્તિ જણાશે તો માત્ર આયોજકો જ નહીં પરંતુ ફાર્મ હાઉસના માલિકો સામે પણ કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. ખાસ કરીને મહિસાગર નદીના કિનારે આવેલી હોટલો, રિસોર્ટસ અને અંતરિયાળ વિસ્તારોમાં આવેલા ફાર્મ હાઉસમાં યુવાનો દ્વારા થર્ટી ફર્સ્ટની ઉજવણી માટે મોટાપાયે આયોજન કરવામાં આવતું હોય છે. જ્યાં દારૂની મહેફિલો જામતી હોવાની શક્યતાઓને જોતા પી.આઈ. પી. જે. બાંટવાના માર્ગદર્શન હેઠળ વિશેષ પોલીસ ટીમો તૈનાત કરવામાં આવી છે. પોલીસ દ્વારા રાત્રિના સમયે સઘન વાહન ચેકિંગ, બેથ એનાલાઈઝર દ્વારા તપાસ અને સતત પેટ્રોલીંગ કરવામાં આવશે. દારૂ પીને છાકટા બનતા નબીરાઓને ઝડપી લેવા માટે પોલીસે વ્યૂહાત્મક નાકાબંધી પણ ગોઠવી છે.

ઓડના મકાનમાંથી ચાઈનીઝ દોરી પકડાઈ

(પ્રતિનિધિ) આણંદ, તા.21

આણંદ ઓડના બાહેરા તલાવડી ખાતેના રહેણાકના મકાનમાંથી પ્રતિબંધીત ચાઈનીઝ દોરી પકડાઈ હતી.

ખંભોળજ પોલીસને પેટ્રોલીંગ દરમિયાન ચાઈનીઝ દોરી વેચાણ અંગેની બાતમી મળી હતી..જે બાતમી હકીકત મુજબ પોલીસ ઓડ બાહેરા તલાવડી ખાતે રહેતા રજનીભાઈ કનુભાઈ તળપદાના ઘરે પહોચી હતી..જયા તેના ઘરની પાસે આવેલ વાડામા એક મીણીયાની થેલીમાથી ચાઈનીઝ દોરીની 16 ફરીકીઓ પકડાઈ હતી..જે અંગે પોલીસે ગુનાખોર રજનીભાઈ તળપદાને સ્થળ પર દબોચી પાડયો હતો.જેમા પોલીસે ચાઈનીઝ દોરીની ફીરકીઓ નંગ.16 કિમંત રૂ.4800- નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.અને પકડાયેલ ગુનાખોર વિરૂધ્ધ ખંભોળજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધી તપાસ ચલાવી હતી.

આણંદ એપીએમસી દ્વારા શાકમાર્કેટના 70 થી ઓટલા દુર કરાયાં



આણંદની અમૂલ ડેરી રોડ પર આવેલા શાક માર્કેટમાં છેલ્લા ઘણા વર્ષોથી સ્થાનિક દુકાનો પાસે અને રસ્તાઓ નજીક કાચા પાકા બાંધકામ કરી દબાણો ખડકી દેવામાં આવ્યા હતા. મોટાભાગના દુકાનદારોએ દુકાન પાસે મંડપ અને ઓટલાઓ બનાવી દીધા હતા. જેથી ખરીદી માટે આવતા શહેરીજનોને ઘણી બધી હાલાકી ભોગવવી પડતી હતી. જોકે કેટલાક દિવસો અગાઉ કરમસદ આણંદ મનપા દ્વારા શાકમાર્કેટ આગળના લારીઓવાળાને હટાવી દીધા હતા. હવે આણંદ એપીએમસીએ પણ દબાણો અંગે કડકાઈથી કામગીરી હાથ ધરી હતી. 50 વર્ષ કરતાં વધુ જુના શાકમાર્કેટમાં 70 થી વધુ દુકાનદારોના દબાણો હટાવવામાં આવ્યા છે. આણંદ શહેર પોલીસના ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે એપીએમસી ધ્વારા દબાણો હટાવવાની કામગીરી કરવામાં આવી હતી.

ખંભાતના વાડોલા ગામમાં કરૂણાંતિકા સર્જાઇ

ખંભાત હાઈવે પર પીકઅપ ડાલાની હડફેટે વૃદ્ધાનું મોત

વાડોલામાં રહેતા વૃદ્ધા તેમની બહેનના ઘરે જતાં હતાં

(પ્રતિનિધિ) ખંભાત તા.21

ખંભાત તાલુકાના વાડોલા ગામની સીમમાં ખંભાત - ધર્મજ હાઈવે રોડ પર પીકઅપ ડાલાએ વૃધ્ધાને હડફેટે ચડાવી જીવલેણ અક્સ્માત કર્યો હતો. જેમાં વૃધ્ધાનું સારવાર દરમિયાન કરૂણ મોત થયુ હતુ.જે અંગે ખંભાત રૂરલ પોલીસે ફરીયાદ નોંધી હતી.

ખંભાત વાડોલા બસ સ્ટેન્ડ પાસે રહેતા કપીલાબેન છોટાભાઇ રાઠોડ તા.20-12-2025 ના રોજ તેમના ઘર પાસે આવેલા તેમની બહેનના ઘરે બેસવા ગયા હતા.અને તેઓ બપોરે પોણા ત્રણ વાગ્યે ઘરે પરત ફરી રહ્યાં હતા..ત્યારે ખંભાત ધર્મજ હાઈવે રોડ ક્રોસ કરતી વેળાએ પુરપાટ ઝડપે અને બેફિકરાઈથી આવતા પીકઅપ ડાલાએ કપીલાબેનને હડફેટે ચડાવ્યાં હતા.જેને લઈને કપીલાબેનને માથામાં અને પગમાં ગંભીર ઈજાઓ થઇ આવી હતી. તે સ્થિતિમાં 108 મારફતે તેઓને સારવાર અર્થે ખંભાત જનરલ હોસ્પિટલ ખસેડાયા હતા.જયા પ્રાથમિક સારવાર આપ્યા બાદ તેઓને ટ્રાન્સફર કરતા હતા..ત્યારે કપીલાબેન છોટાભાઇ રાઠોડ (ઉ.વ.69)ને ડોકટરે મરણ જાહેર કર્યા હતા.જે અંગે મૃતકના પુત્ર હસમુખ રાઠોડે પીકઅપ ડાલુ નં.જીજે07 ટીયુ 0206 ના ચાલક ફરૂકભાઇ કાસમભાઇ પઠાણ વિરૂધ્ધ ખંભાત રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી તપાસની માગણી કરી હતી.

ખેડાજિલ્લાના55હજારસર્વેનંબર જુની શરતમાં ફેરવવામાં આવ્યાં

આઠ નગરપાલિકા અને 509 ગામોના ખેડૂતોની જમીનનું પ્રિમીયમ માફ કરાયું

(પ્રતિનિધિ) ખેડા તા.21

ખેડા જિલ્લાની આઠ નગરપાલિકા અને 509 ગામોની 55,378 સર્વે નંબરને નવી શરતમાંથી જુની શરતમાં ફેરવવામાં આવી છે. સરકારના આ નિર્ણયથી પ્રિમીયમને પાત્ર જમીનોમાં ખેડૂતોનું કરોડો રૂપિયાનું પ્રિમીયમ માફ થયું છે. જેનાથી ગરીબ ખેડૂતો પર નાણાકીય ભારણ અને કોર્ટ - કચેરીમાં પડતી અગવડતાથી મુક્તિ મળશે.

રાજ્ય સરકારના મહેસુલ વિભાગના ઠરાવથી ગ્રામ્ય વિસ્તાર તેમજ નગપાલિકા વિસ્તારની નવી અને અવિભાજ્ય શરત, પ્રતિબંધીત સત્તા પ્રકાર અથવા નિયંત્રીત સત્તા પ્રકારની જમીનો જુની શરત ગણી લાખો ખેડુતોને પ્રિમીયમ ભરવામાંથી તેમજ વિવિધ પ્રકારની પરવાનગીઓ લેવામાંથી મુક્તિ આપતો ખેડુતોના હિતમાં એક ઐતિહાસિક નિર્ણય કર્યો છે.

આવી પ્રતિબંધો વાળી જમીનો ઉપરના નિયંત્રણોને દૂર કરી ખેડુતોને જમીન વેચાણ, ગીરો, બક્ષીસ, વહેંચણી વિગેરે જેવા વ્યવહારો કરવા સરકારની પુર્વ મંજુરી માટે લેવી પડતી વિવિધ પરવાનગીઓમાંથી મુક્તિ મળી છે.

ખેડા જીલ્લાની 8 નગરપાલિકા અને 509 ગામોની કુલ-55,378 સર્વે નંબરની નિયંત્રણો વાળી પ્રિમીયમને પાત્ર જમીનો જુની શરતમાં ફેરવી જીલ્લાના હજારો ખેડૂતોનું કરોડો રૂપિયાનું પ્રિમીયમ માફ થયું છે. જમીનો નિયંત્રણો મુક્ત થતા ગામડાના ઓછું ભણેલા ગરીબ ખેડુતોને નાણાકીય ભારણ અને કોર્ટ - કચેરીમાં પડતી અગવડતાથી મુક્તિ મળી છે. તેમ જમીન સંપાદન વિભાગે જણાવ્યું હતું.

કયા તાલુકામાં કેટલી જમીન જુની શરતમાં ફેરવી ?

તાલુકો	જમીનની સંખ્યા
નડિયાદ	3696
વસો	1314
મહુધા	1596
માતર	8489
ખેડા	4518
મહેમદાવાદ	7557
કઠલાલ	7052
કપડવંજ	8623
ઠાસરા	7627
ગળતેશ્વર	4906
કુલ	**55,378**

નડિયાદ બાર એસો.માં કિરીટ બારોટ પ્રમુખ બન્યાં

રસાકસીભરી ચૂંટણીમાં મતદાન બાદ પરિણામો જાહેર થયાં

(પ્રતિનિધિ) નડિયાદ, તા.21

નડિયાદ બાર એસોસિયેશનની વર્ષ 2026ની ટર્મ માટે યોજાયેલી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તમામ બેઠકોના સત્તાવાર પરિણામો જાહેર કરવામાં આવ્યા છે. આ ચૂંટણીમાં કુલ 930 મતદારો નોંધાયેલા હતા, જેમાંથી 784 વકીલોએ ઉત્સાહપૂર્વક મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

નડિયાદ બાર એસોસિએશનના પ્રમુખ પદની ચૂંટણીમાં આ વખતે ચાર ઉમેદવારો વચ્ચે જંગ હોવાથી સમગ્ર વકીલ મંડળમાં ભારે ઉત્તેજના જોવા મળી હતી. જોકે, નડિયાદ બારના પૂર્વ પ્રમુખ અને બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના વર્તમાન સભ્ય કિરીટ બારોટે મજબૂત પકડ જાળવી રાખી અન્ય ત્રણ ઉમેદવારોને પછાડી 440 મત મેળવીને જીત હાંસલ કરી હતી. અન્ય હોદ્દેદારોમાં ઉપપ્રમુખ પદ માટે વિલાસ અમીન વિજેતા બન્યા હતા. આ ઉપરાંત સેક્રેટરી પદ પર અરવિંદ સોમાભાઈ પરમાર અને જોઈન્ટ સેક્રેટરી પદ પર કશ્યપ ભરતભાઈ સોનીનો વિજય થયો હતો.

આ ઉપરાંત કારોબારી સભ્યોની છ બેઠકો માટે યોજાયેલી રસાકસીના અંતે ગીરીશ જયંતીભાઈ સોલંકી, જીગ્નેશકુમાર હસમુખભાઈ બારોટ, જયદીપસિંહ મુકેશકુમાર પરમાર, પ્રહલાદસિંહ રામચંદ્રસિંહ મહીડા, લુકમાન દાઉદભાઈ વહોરા અને વસંતભાઈ મેલાભાઈ દેસાઈ વિજેતા જાહેર થયા હતા. ચૂંટણી પ્રક્રિયા સંપૂર્ણપણે શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ હતી.

આણંદ શહેરમાં ત્રિ દિવસીય 'સશક્ત નારી મેળા'નો પ્રારંભ

જિલ્લા પ્રભારી મંત્રી સંજયસિંહ મહિડા અને નાણાં રાજ્ય મંત્રી કમલેશભાઈ પટેલ ખાસ હાજર રહ્યાં

(પ્રતિનિધિ) આણંદ તા.21

આણંદ ખાતે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જિલ્લા કક્ષાનો 'સશક્ત નારી' મેળો યોજવામાં આવ્યો છે. આ મેળો આણંદ શહેરના 'પ્રમુખસ્વામી અર્બન કોમ્યુનિટી હોલ' સાંગોડપુરા રોડ, આણંદ ખાતે રાખવામાં આવ્યો છે. જેનો પ્રારંભ મહેસુલ રાજ્યમંત્રી અને આણંદ જિલ્લાના પ્રભારી મંત્રી સંજયસિંહ મહિડા અને નાણાં રાજ્ય મંત્રી કમલેશભાઈ પટેલએ કરાવ્યો હતો.

આ પ્રસંગે પ્રભારી મંત્રી સંજયસિંહ મહિડાએ જણાવ્યું હતું કે, આણંદ ખાતે સશક્તનારી મેળામાં 95 સ્ટોલ્સમાં હેન્ડ મેડ જ્વેલરી, હેન્ડીક્રાફ્ટ આઈટમ, ઈમિટેશન જ્વેલરી, હેન્ડલુમ, ઓર્ગેનિક હળદર પાવડર, ગાયના દૂધ આધારિત પ્રોડક્ટ, મસાલા, નમકીન, મહેંદી આર્ટ, બેકરી આઈટમ, ખાખરા, નેચરલ સાબુ, તોરણ, ચોખાની પાપડી, સાડી, કાપડની બેગ, કૃષ્ણના વાઘા તથા પૂજાપાની સામગ્રી, આયુર્વેદિક આઈટમ, ડ્રેસ મટીરીયલ, એલોવેરા અને ઓર્ગેનિક પ્રોડક્ટ, મિલેટ્સ વેલ્યુ એડિસન પ્રોડક્ટ જેવી વિવિધ વસ્તુઓનું પ્રદર્શનને આ મેળા દ્વારા એક મજબૂત પ્લેટફોર્મ મળ્યું છે. 'વોકલ ફોર લોકલ' અને 'સ્વદેશી અપનાવો'ના મંત્રને ચરિતાર્થ કરતા આ આયોજનમાં સીધું બજાર મળવાથી બહેનોની મહેનતનું સાચું વળતર મળશે.

આ પ્રસંગે નાણાં રાજ્ય મંત્રી કમલેશભાઈ પટેલે જણાવ્યું કે, આ મેળાના માધ્યમથી ઘર બનાવટની વિવિધ વસ્તુઓ, મહિલાઓ દ્વારા સંચાલિત અને વેચાણ કરવામાં આવતી સ્વદેશી વસ્તુઓનું લોકો ખરીદી કરી બહેનોને પ્રોત્સાહિત કરે.

આગામી 23મી ડિસેમ્બર સુધી ચાલનારા આ મેળામાં વોકલ ફોર લોકલના મંત્રને સાર્થક કરતા સ્વદેશી ચીજવસ્તુઓના સંગમથી એક અનેરો માહોલ સર્જાયો છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજિત આ મેળો દરરોજ સવારે 10થી રાત્રે 10 કલાક સુધી નાગરિકો માટે ખુલ્લો રહેશે. આ પ્રદર્શન-કમ-વેચાણ મેળામાં કુલ 95 જેટલા સ્ટોલ ઊભા કરવામાં આવ્યા છે. આ પ્રસંગે આણંદના સાંસદ મિતેશભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ હસમુખભાઈ પટેલ, કલેક્ટર પ્રવિણ ચૌધરી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક જે.વી. દેસાઈ વિગેરે હાજર રહ્યાં હતાં.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225